# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૫૨૬

**(વેબસાઈટ એડ્રેસ : https://gsssb.gujarat.gov.in)**

---

## "ગુજરાત ગૌણ સેવા", વર્ગ–૩,
## Combined Competitive Examination (CCE) (ગૃપ–A અને ગૃપ–B) ની પ્રાથમિક પરીક્ષાની
## PROVISIONAL ANSWER KEY (PAK) CUM RESPONSE SHEET બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૬ હેઠળ "ગુજરાત ગૌણ સેવા" વર્ગ–૩, સંવર્ગ (ગૃપ–A અને ગૃપ–B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત (C.C.E.) અંતર્ગત પ્રાથમિક પરીક્ષા તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૯/૦૯/૨૦૨૬ ના સમયગાળા દરમિયાન MCQ-CBRT (Computer Based Response Test) પદ્ધતિથી યોજવામાં આવેલ.

પ્રસ્તુત પરીક્ષાની જુદી–જુદી શિફ્ટમાં પૂછવામાં આવેલ જુદા–જુદા પ્રશ્નપત્રોમાં સમાવિષ્ટ પ્રશ્નોની **સચોટતા, પ્રશ્નની રચના, વિકલ્પોની સુસંગતતા, યોગ્ય ઉત્તર તથા સંદર્ભિત વિષયવસ્તુ** વગેરે બાબતોની મંડળ દ્વારા વિષય નિષ્ણાંતો/તજજ્ઞો/વિશેષજ્ઞો મારફત પ્રાથમિક ચકાસણી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ ઉમેદવારોને પ્રસિદ્ધ કરવામાં PROVISIONAL ANSWER KEY (PAK) CUM RESPONSE SHEET શક્ય તેટલી **ચોકસાઈપૂર્ણ અને ત્રુટિરહિત** રીતે ઉપલબ્ધ કરાવવાનો છે. જેથી ઉમેદવારો તરફથી વાંધા/સૂચનોની રજૂઆતોની સંખ્યા નિવારી શકાય અને સમગ્ર પ્રક્રિયામાં **પારદર્શિતા તથા** વિશ્વસનીયતા જળવાઈ રહે.

પ્રસ્તુત પ્રાથમિક પરીક્ષાની PROVISIONAL ANSWER KEY (PAK) CUM RESPONSE SHEET તા.૦૫/૧૦/૨૦૨૬, સોમવારના રોજ મોડી રાત્રી સુધીમાં મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ :૦૩/૧૦/૨૦૨૬

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ